સુવિચાર : સફળતા 'રીલેટીવ' છે એ જ્યારે તમને મળે છે ત્યારે ઘણાં બધાં 'રીલેટીવો' અચાનક પેદા થાય છે - રમેશ ઓઝા



આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૭ | ૧૭ એપ્રિલ, ૨૦૧૫, શુક્રવાર ; ચૈત્ર વદ - ૧૩/૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





પરમાણુ સક્ષમ અગ્નિ-૩ મિસાઇલનુ સફળ પરીક્ષણ Page-6

# ગેરકાયદેસર રેતી ચોરી સામે વ્યાપક દરોડા

## વહેલી સવારથી જ ૧૬ જેટલા સ્થળોએ ૮ ટીમો દ્વારા દરોડા : ૩૧ ડમ્પર, ૧૧ જેસીબી-હિટાચી મશીન, ૧૬ ટ્રેક્ટર બે નાવડી સહિત રૂ. ૯ કરોડની કિંમતના સાધનો જપ્ત

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદે રેતી ચોરીની વધતી જતી ફરિયાદો સામે આજે તંત્રએ લાલ આંખ કરી સવારે જ સફાઈ અભિયાનના ભાગરૂપે ૧૦ થી પણ વધુ પોઈન્ટો પર ૮ જેટલી ટીમો બનાવી ત્રાટકી અને રૂ. ૯ કરોડની કિંમતના મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકર અને જિલ્લા પોલીસ વડા શ્રી યાદવની સીધી દેખરેખ હેઠળ ૮ જેટલા નાયબ કલેક્ટરોના વડપણ હેઠળ આ ટીમો ત્રાટકી હતી. જેમાં પોલીસ અધિકારીઓ પણ કાયદો-વ્યવસ્થા માટે સાથે જોડાયેલા હતા.

જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે આજે ઉતાવળે બોલાવેલી એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે સવારે ૪ વાગ્યે ટીમોની રચના કરી અને દરેક ટીમને રવાના કરાઈ હતી. સાડાચાર કલાકથી પણ વધુ સમય સુધી આ અભિયાન ચાલ્યુ હતુ.



(તસવીર : દિપક જાની)

આ દરોડાઓ ભાટ, કોબા, અલુવા, અમરાપુર, રાયસણ, રાંદેસણ, બોરીજ, વાસણ, લાકરોડા, અંબોડ, શાહપુર, વલાદ, અનોડિયા, મહુડી, પીંપળજ અને પેથાપુરના પોઈન્ટ પર પાડવામાં આવ્યા હતા.

દરોડાઓ દરમ્યાન ગેરકાયદેસર ખનન, વહન કરતા અથવા વહન માટે આવતા જતા વાહનોનું ચેકિંગ કરી તેની સઘન તપાસ કરવામાં આવી હતી. આ દરમ્યાન હિટાચી મશીન, જેસીબી મશીન-૧૧, ૩૧ ડમ્પર, ૧૬ ટ્રેક્ટર અને ૨ નાવડી નદીના પટમાંથી પકડાઈ છે. જેની કિંમત અંદાજે રૂ. ૯ કરોડ જેટલી થવા જાય છે.

શ્રી રવિશંકરે જણાવ્યુ હતુ કે તપાસ દરમ્યાન ઘણી બધી ચોંકાવનારી હકીકતો બહાર આવી છે. જેમાં બોગસ પાસ, ક્ષમતા કરતાં વધુ વહન કરતા હોવાની બાબતોનો પણ સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યુ હતુકે આજે આ દરોડાઓ દરમ્યાન પકડાયેલા વાહનોમાં તેમના નંબરો પણ ખોટા દર્શાવ્યાનું પણ જણાયુ છે. તેથી આર.ટી.ઓ. તંત્ર દ્વારા તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

જે જગ્યાની લીઝ હોય તેના બદલે અન્ય વિસ્તારમાંથી રેતી ખનન થતુ હોવાનું પણ તપાસમાં જણાયું છે. આ ઉપરાંત રોયલ્ટી પાસ સહિતના વિવિધ મુદ્દાઓને આવરી લઈ કાયદેસરની કાર્યવાહી કરવા માટેની સૂચનાઓ આપી દેવામાં આવી છે અને તે કાર્યવાહી શરૂ પણ થઈ ગઈ છે.

અલુવાના નદીના પટમાંથી પકડાયેલી બે નાવડીઓ દ્વારા ગેરકાયદે રેતી ખનન કરવાની પ્રવૃત્તિ અત્યંત ગંભીરતાથી તંત્રએ લીધી છે.

તેમણે એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતુ કે જિલ્લામાં ૯૪ લીઝ

● અનુસંધાન પાન-૭ પર

## રેતી ચોરી અટકાવવાના નિર્ણયોની ફાઈલોમાં ધૂળ ચડી ગઈ !!

ગાંધીનગર, તા. ૧૬

નદીના પટમાં તંબુ ચોકી બનાવવા અંગે જિલ્લા સંકલન સમિતિમાં અગાઉ નિર્ણય થઈ ચુક્યો છે તેમજ ભૂસ્તર તંત્ર પોલીસ અને આર.ટી.ઓ. તંત્ર દ્વારા સુયોગ્ય સંકલન સાધી સામુહિક તપાસ સતત પેટ્રોલીંગ દ્વારા કરવામાં આવે તેવા નિર્ણયો તંત્રની ફાઈલોમાં અટવાઈ જવા પામ્યા છે.

વારંવારની સૂચનાઓ પછી વિભાગોમાં આંતરિક સંકલનના અભાવે રેતી માફિયાઓ બેરોકટોક બન્યા હતા.

તંત્રમાં કર્મચારીઓની ઘટ પણ આ માટે જવાબદાર લેખવામાં આવી રહી છે. ત્રણેય સંબંધિત વિભાગોની ઘટને કારણે નિયમિત પેટ્રોલીંગનો અભાવ રહેતો હતો.

## ઓપરેશનની વ્યુહરચના મધ્યરાત્રિએ તૈયાર થઈ!

ગાંધીનગર, તા.૧૬

જિલ્લા કલેકટરશ્રી રવિશંકરે તમામ ડે. કલેકટરોને મધ્યરાત્રિએ સૂચના આપી સવારે ૪ વાગે કલેકટર ઓફિસમાં આવવા જણાવ્યું હતું.

અધિકારીઓ અને કર્મચારીઓ પહોંચ્યા ત્યારબાદ તેમને તપાસની સૂચના અને સ્થળો આપવામાં આવ્યા હતા.

આવું જ જિલ્લા પોલિસવડાની કચેરીમાં પણ થયું હતું. કલેકટર અને પોલિસ અધિક્ષકશ્રીએ મધ્યરાત્રિએ જ ઓપરેશનની આખી વ્યુહરચના તૈયાર કરી હતી.



ભારતીય રેલવે - એશિયાનું લાંબુ રેલ નેટવર્ક ધરાવતું ભારતીય રેલવેનો ૧૬૨મો જન્મદિવસ ઉલ્લાસપૂર્વક ઉજવાયો હતો. સવાસો કરોડ જનતાના આવન-જાવન માટે દેશભરમાં પથરાયેલ નેટવર્ક સામાન્ય અને મધ્યમવર્ગીય સમાજને આશીર્વાદરૂપ છે. સસ્તી સુવિધાસભર અને સરળ ઉપલબ્ધિવાળી વ્યવસ્થાથી દેશની પ્રજાને મોટી રાહત સાંપડે છે.

## પાક નુકસાન સહાયના ધોરણ સરકારે જાહેર કર્યા

### સિંચાઈ દરનો વધારો એક વર્ષ માટે મોકૂફ રાખવા નિર્ણય : ખેડૂતોને રૂ. ૩.૧૮ કરોડની રાહત

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે કમોસમી વરસાદ-કુદરતી આફતને કારણે રાજ્યના ખેડૂતોને થયેલ કૃષિ પાક નુકશાન સંદર્ભે સહાયના નવા ધોરણો જાહેર કર્યા છે.

તેમણે ખેતીના હેતુથી સિંચાઈ માટે આપવામાં આવતા પાણીના દરોની સાડા સાત ટકાની ભાવ વધારાની કાયમી જોગવાઈમાંથી પણ પ્રવર્તમાન કુદરતી આફત અને અનિયમિત વરસાદની સ્થિતિ ધ્યાને રાખીને આ વધારો એક વર્ષે તા. ૧૬ જૂન-૨૦૧૫ થી તા. ૧૫ જૂન-૨૦૧૬ સુધી મોકુફ રાખવાનો પણ મહત્વકાંક્ષી નિર્ણય કર્યો છે.

આ નિર્ણયનો પરિણામે ધરતીપુત્રોને ભાવ વધારા માફી પેટે રૂ. ૩.૧૮ કરોડની રાહત મળશે.

મુખ્યમંત્રીશ્રીએ પાક નુકશાન સહાયના જાહેર કરેલા આ નવા ધોરણો અનુસાર જે ખેડૂતોના પાકને ૩૩ ટકા કે તેથી વધુ નુકશાન થયું છે તેમને ૨ હેક્ટર વિસ્તારની વાવેતર મર્યાદામાં બિનપિયત વિસ્તાર માટે પ્રતિ હેક્ટર રૂ. ૬૮૦૦ તથા પિયત વિસ્તાર માટે રૂ. ૧૩,૫૦૦ તેમજ બારમાસી પાકો માટે રૂ. ૧૮,૦૦૦ પ્રમાણે સહાય ચુકવવામાં આવશે.

શ્રીમતી આનંદીબહેન પટેલે ખેડૂત વર્ગોના વ્યાપક હિતને ધ્યાને રાખીને સંવેદનશીલ અભિગમ દર્શાવતા જે ધરતીપુત્રોને ૨૫ થી ૩૩ ટકા સુધી નુકશાન થયું છે તેમને પણ બિનપિયત વિસ્તાર માટે હેક્ટર દિઠ રૂ. ૬૮૦૦ તેમજ પિયત અને બારમાસી પાકો માટે હેક્ટર દિઠ રૂ. ૧૩,૫૦૦ ના ધોરણે સહાયના આદેશો કર્યાછે. લઘુત્તમ સહાયનું ધોરણ રૂ. ૨૦૦૦ રાખવા પણ મુખ્યમંત્રીશ્રીએ સૂચક સુચન કર્યુ છે.

મુખ્યમંત્રીશ્રીએ નુકશાની સર્વે ત્વરાએ પૂર્ણ કરી પ્રભાવિત ધરતીપુત્રોને સહાયની ત્વરિત ચૂકવણી થાય તેવો પ્રબંધ કરવાની પણ તમામ જિલ્લા તંત્ર વાહકોને સૂચના આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગરીબી નિવારણ માટે ટાસ્ક ફોર્સની રચના

ગાંધીનગર,તા. ૧૬

ગરીબી એ કોઈપણ વિકસિત રાષ્ટ્ર કે રાજ્યનું કલંક સમાન છે. રાજ્યમાંથી ગરીબી દૂર કરવા અંગેની નવી વ્યૂહરચના ઘડવા તથા સૂચનો કરવા રાજ્ય સરકાર દ્વારા સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રી રમણભાઈ વોરાના અધ્યક્ષ સ્થાને ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. આ ટાસ્ક ફોર્સમાં ઉપાધ્યક્ષ તરીકે નાણા અને આયોજનમંત્રી સૌરભ પટેલ, સભ્ય તરીકે આદિજાતિ વિકાસમંત્રી મંગુભાઈ પટેલ, વાહન વ્યવહારમંત્રી વિજય રૂપાણી તેમજ રાજ્યકક્ષાના શહેરી વિકાસમંત્રી શંકરભાઈ ચૌધરી, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી વસુબેન ત્રિવેદી તથા વિવિધ વિભાગોના અધિક મુખ્ય સચિવ, અગ્રસચિવ, સચિવ, કમિશનરનો સમાવેશ કરવામાં આવ્યો છે. ટાસ્ક ફોર્સના સભ્ય સચિવ તરીકે સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવ (આયોજન) તેમજ આમંત્રિત સભ્ય સમિતિ સૂચવે તે તજજ્ઞો રહેશે. તાજેતરમાં નવી દિલ્હી ખાતે નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની પ્રથમ બેઠક મળી હતી. મુખ્યમંત્રી હોદ્દાની રૂએ આ ગવર્નિંગ કાઉન્સિલના સભ્ય છે.


**જોઈએ છે**

**જુના કલર ટી.વી.**

**૧૪'', ૨૦'' અને ૨૧''**

**બાંધ હાલતમાં**

સંપર્ક : શૈલેષભાઈ - મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬

**ફેક્ટરી મેનેજર જોઇએ છે**

ગાંધીનગર સ્થિત ફેક્ટરી માટે એડમીનીસ્ટ્રેશન સંભાળી શકે તેમજ સુપરવિઝન કરી શકે તેવા સક્ષમ મેનેજર એન્જીનીયરીંગ નોલેજ ધરાવનાર વ્યક્તિને પ્રથમ પસંદગી (ઉં. ૪૦ થી ૬૦ વર્ષ સુધીના.) સંપર્ક ઇમેલ : bgpatel39@gmail.com

કર્મયોગી શ્રી પ્રેમશંકરભાઈ તથા વત્સલ માતા લલિતાબહેનને પ્રથમ પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ





સ્વ.પ્રેમશંકર વસનજી ભટ્ટ
૧૭-૦૪-૨૦૧૪

સ્વ.લલિતાબેન પ્રેમશંકર ભટ્ટ
૧૪-૦૩-૨૦૧૪

વસુંધરા પર પાવન થયાં અમે સૌ સંતાનો 'ઉપહાર' તમારો પામીને ;
આપના સિંચેલ સંસ્કારોથી ઉજ્વળ થયાં અમે સૌ ; અર્પીએ અંજલિ અમે સૌ સંતાનો આપની
'પ્રથમ પુણ્યતિથિએ' સદા અવિરત રહેશે સ્મૃતિ ભંડારને આશિવચનો આપના !!!

પ્રદીપ પ્રેમશંકર ભટ્ટ
(ન્યાયમુર્તિ, ઝારખંડ હાઈકોર્ટ)
અતુલા પ્રદીપ ભટ્ટ
જયંત પ્રેમશંકર ભટ્ટ
(એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ)
ધૃતિ જયંત ભટ્ટ
આશિષ પ્રેમશંકર ભટ્ટ, ૯૮૨૪૬ ૧૧૪૦૪
(એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ)
મધુરી આશિષ ભટ્ટ, ૬૬૮૭૧ ૩૫૧૧૮
સુધીર એસ. ખેતીયા, સરોજ સુધીર ખેતીયા

પાર્થ ભટ્ટ
(આસીસ્ટન્ટ ગર્વ. પ્લીડર, ગુજ. હાઈકોર્ટ)
ધરા ભટ્ટ (સોલીસીટર)
માધવી ભટ્ટ
જીત જયંત ભટ્ટ, વિધિ જયંત ભટ્ટ
(એડવોકેટસ, ગુજરાત હાઈકોર્ટ)
હિમાંશુ રનવાહ
કવન આશિષ ભટ્ટ, હર્ષ એચ. ગોપીયાણી
વિરલ સુધીર ખેતીયા, કલ્પના હરેશ ગોપીયાણી
રશ્મી વિરલ ખેતીયા, હરેશ પી. ગોપીયાણી






આવો, વધાવીએ સમૃદ્ધિના આ શુભ અવસરને...

50% ઘડામણ પર ડિસ્કાઉન્ટ
916 સોનાના તથા રીયલ ડાયમંડના ઘરેણા પર

100%* ઘડામણ પર ડિસ્કાઉન્ટ
*પસંદગીના 916 સોનાના તથા રીયલ ડાયમંડના ઘરેણા પર

| | | |
|---|---|---|
| 350/- પ્રતિ ગ્રામ | 121/- પ્રતિ ગ્રામ | સોનાની પ્લેન નક્કર બંગડીઓ પર ૫૦%થી વધુ ડિસ્કાઉન્ટ |
| 385/- પ્રતિ ગ્રામ | 191/- પ્રતિ ગ્રામ | સેટ, કંગન, ફેન્સી બેંગલ્સ, લકી, બ્રેસલેટ, મંગલસૂત્ર, પેન્ડન્ટ સેટ, બાજુબંધ, ચેઇન, હોલો ચેઇન, નક્કર ચેઇન વગેરે |
| 425/- પ્રતિ ગ્રામ | 211/- પ્રતિ ગ્રામ | |
| 450/- પ્રતિ ગ્રામ | 221/- પ્રતિ ગ્રામ | |
| 495/- પ્રતિ ગ્રામ | 241/- પ્રતિ ગ્રામ | એન્ટીક-જડતર સેટ, કંગન, બાજુબંધ, બ્રેસલેટ, પેન્ડન્ટ સેટ, પોલકી સેટ, કંગન, બ્રેસલેટ, પોલકી પેન્ડન્ટ સેટ વગેરે |

ઓફર ફક્ત તૈયાર ઘરેણા પૂરતી માન્ય.

* Conditions Apply

એ બી જ્વેલર્સ
અમદાવાદનો સૌથી વિશાળ જ્વેલરી મોલ

સિદ્ધિવિનાયક કોમ્પ્લેક્ષ, શિવરંજની ક્રોસ રોડ, ૧૩૨ ફૂટ રિંગ રોડ, સેટેલાઇટ, અમદાવાદ ૩૮૦ ૦૧૫.
Ph # +91-79- 40402525, 26742525 / 26 / 27 / 28
ઓફર દરમ્યાન રવિવારે શો-રૂમ ચાલુ રહેશે. • વેલે પાર્કિંગની સુવિધા

Since 1950 ... આપનું ગર્વ!
ડાયમંડ પ્લેટિનમ • ગોલ્ડ • સિલ્વર